પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૯ | ૩૦ એપ્રિલ, ૨૦૨૨, શનિવાર; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં છેલ્લા ૧૨ વર્ષમાં સૌથી હોટ એપ્રિલ

## દેશમાં માર્ચ મહિનાથી જ ધોમધખતો ઊનાળો શરૂ : આગામી સમયમાં પારો ૪૮ ડિગ્રીને આંબે તેવી શક્યતા



નવી દિલ્હી, તા.૨૯

દેશમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ ઉનાળો શરૂ થઈ ગયેલો અને હવામાન વિભાગે આ વખતે એપ્રિલ મહિનો ભારતના ઈતિહાસમાં ૧૨ વર્ષનો સૌથી 'હોટ' એપ્રિલ હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત મે મહિનો આનાથી પણ વધુ આકરો બનશે તેવી આગાહી કરવામાં આવેલી છે અને કેટલાક ક્ષેત્રનું તાપમાન ૪૮ ડિગ્રીને આંબી જાય તેવી શક્યતા છે.

જોકે ગુજરાતમાં ૨ મે બાદ ગરમીમાં થોડી રાહત મળશે પરંતુ તાપમાન સામાન્ય કરતાં ઉંચુ જ રહેશે. દેશના આશરે ૭૦ ટકા ક્ષેત્રની ૮૦ ટકા વસ્તી ભીષણ ગરમીનો સામનો કરી રહી છે.

આ સાથે જ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, બિહાર, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને ઝારંખડ એમ ૧૦ રાજ્યો માટે એલર્ટ આપવામાં આવેલું છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના અહેવાલ પ્રમાણે ભારત ગરમીના ભીષણ સમયનો સામનો કરી રહ્યું છે. આઈએમડીના વૈજ્ઞાનિક આરકે જેનામણિએ જણાવ્યું કે, યુપી, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા

● અનુસંધાન પાન-૭ પર

# કોલસાની માલગાડીઓ દોડાવવા માટે ૬૭૦ પેસેન્જર્સ ટ્રેન રદ કરાઈ

## વીજ સંકટ ગંભીર બનવાની શક્યતાથી સરકાર સતર્ક : દેશમાં કોલસાની હેરાફેરી માટે રેલવેએ રોજની ૪૧૫ રેક ફાળવવા નિર્ણય લીધો છે જેમાં દરેકમાં ૩૦૦૦ ટન કોલસો વહન કરી શકાશે

નવી દિલ્હી, તા.૨૯

વીજ કટોકટી ગંભીર બનવાની શક્યતા હોવાથી સરકારે બધું ધ્યાન વધુમાં વધુ કોલસાના વહન પર લગાવ્યું છે. તેના કારણે રેલવેની પ્રાથમિકતા બદલાશે અને પેસેન્જર ટ્રેનના બદલે માલગાડીઓ દોડાવવા પર ધ્યાન દેવાશે. રેલવેએ કોલસો ભરેલી માલગાડીઓ દોડાવી શકાય તે માટે ૬૭૦ પેસેન્જર ટ્રેનો રદ કરવાનો નિર્ણય લીધો છે.

હાલમાં વીજળીની ડિમાન્ડ એટલી વધી ગઈ છે કે તેનું ઉત્પાદન વધારવા માટે કોલસાની મોટા પ્રમાણમાં હેરાફેરી કરવી પડશે. છેલ્લા બે સપ્તાહમાં ૧૬ મેલ અથવા એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનો રદ કરી છે. રેલવેએ જણાવ્યું કે ૨૪ મે સુધીમાં પેસેન્જર ટ્રેનોની ૬૭૦ ટ્રિપ રદ કરવામાં આવશે. તેમાંથી ૫૦૦ ટ્રિપ લાંબા અંતરની મેઈલ અને એક્સપ્રેસ ટ્રેન્સ માટે છે.

સૂત્રોએ જણાવ્યું કે કોલસાની હેરાફેરી માટે રેલવેએ રોજની ૪૧૫ રેક ફાળવવા નિર્ણય લીધો છે જેમાં દરેકમાં ૩૦૦૦ ટન કોલસો વહન કરી શકાશે જેથી હાલની માંગને પહોંચી શકાય. તેમણે જણાવ્યું કે આ રીતે ઓછામાં ઓછા બે મહિના સુધી કામ કરવામાં આવશે જેથી પાવર પ્લાન્ટ ખાતે સ્ટોક વધારી શકાય અને જુલાઈ-ઓગસ્ટમાં વીજ કટોકટી ટાળી શકાય. સામાન્ય રીતે આ બે મહિનામાં વરસાદના કારણે માઈનિંગ કામગીરી અટકી જાય છે.

પેસેન્જર ટ્રેનો રદ કરવાના કારણે લોકોમાં નારાજગી છે અને કેટલાક રાજ્યોમાં તેનો વિરોધ કરવામાં આવ્યો છે. રેલવેના એક અધિકારીએ કહ્યું કે અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. અત્યારે સૌથી મોટી પ્રાથમિકતા કોલસાનો સપ્લાય વધારવાની છે જેથી વીજળીનું ઉત્પાદન બંધ ન થઈ જાય. અમારે કામચલાઉ ધોરણે આ કરવું જ પડશે. પાવર પ્લાન્ટ્સ આખા દેશમાં પથરાયેલા હોવાથી રેલવેએ લાંબા અંતરની ટ્રેનો દોડાવવી પડશે અને મોટી સંખ્યામાં કોલ રેક દોડાવવામાં ૩થી ૪ દિવસનો સમય લાગી જાય છે. પૂર્વ વિસ્તારમાંથી કોલસો કાઢીને ઉત્તર, સેન્ટ્રલ અને વેસ્ટર્ન ભાગોમાં પહોંચાડવામાં આવે છે.

સત્તાવાર ડેટા પ્રમાણે રેલવે ૨૦૧૬-૧૭માં રોજની ૨૬૯ કોલ રેક ભરવામાં આવતી હતી. ૨૦૧૭ અને ૨૦૧૮માં તેનું પ્રમાણ વધ્યું હતું. પરંતુ ત્યાર પછીના બે વર્ષમાં લોડિંગ ઘટીને ૨૬૭ રેક થયું હતું. ગયા સપ્તાહમાં તેને વધારીને રોજના ૩૪૭ રેક કરવામાં આવ્યું હતું. ગુરુવારે દૈનિક ૪૦૦થી ૪૦૫ રેક દોડાવવામાં આવતી હતી. દેશમાં જે વીજળીનું ઉત્પાદન થાય છે તેમાંથી ૭૦ ટકા વીજળી કોલસા પર આધારિત છે.

# જહાંગીરપુરી હિંસા કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ

## દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને મહત્વપૂર્ણ સફળતા : જહાંગીરપુરી ખાતે પથ્થરમારો થયો ત્યારે આ આરોપી ફરીદે ભીડને ઉશ્કેરી અને અફવાઓ ફેલાવી હતી

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હીમાં જહાંગીરપુરી હિંસા કેસમાં દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે મહત્વની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસે હિંસાના આરોપી ફરીદ ઉર્ફે નીતુની ધરપકડ કરી છે. ફરીદ જહાંગીરપુરી હિંસાનો ઘોષિત ગુનેગાર છે. સ્પેશિયલ સેલે તેની કોલકાતાથી ધરપકડ કરી છે. પોલીસની સ્પેશિયલ સેલના જણાવ્યા પ્રમાણે, જહાંગીરપુરી ખાતે પથ્થરમારો થયો ત્યારે આ આરોપીએ ભીડને ઉશ્કેરી અને અફવાઓ ફેલાવી હતી. તેણે જ હાહાકાર મચાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી ત્યારબાદ તે કોલકાતા ભાગી ગયો હતો.

એક અહેવાલ મુજબ જણાવ્યુ હતું કે, 'તે સાંપ્રદાયિક રમખાણોમાં ખૂબ જ સક્રિય રીતે સામેલ હતો અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અમારી ઘણી ટીમો પશ્ચિમ બંગાળમાં તૈનાત કરવામાં આવી હતી અને ગુરૂવારે તામલુક ગામમાં તેના સંબંધીના ઘરેથી તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીને આજે વિમાન દ્વારા દિલ્હી લાવવામાં આવી રહ્યો છે.

રમખાણો બાદ આરોપી સ્થળ પરથી ભાગી ગયો હતો અને

● અનુસંધાન પાન-૭ પર



# વધુ માર્ક મેળવનારા ઓબીસી સામાન્ય કેટેગરીના હકદાર

## પછાત વર્ગને રાહત આપતો સુપ્રીમનો ચુકાદો : આરક્ષિત બેઠકોને યોગ્યતાના આધાર પર અન્ય શેષ આરક્ષિત શ્રેણીના ઉમેદવારોથી ભરવામાં આવે તે આવશ્યક

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે જણાવ્યું હતું કે, અન્ય પછાત વર્ગ (ઓબીસી) શ્રેણીના એવા ઉમેદવારોને સામાન્ય શ્રેણીમાં સમાયોજિત કરવાની આવશ્યકતા છે જેઓ સામાન્ય શ્રેણીના નિયુક્ત અંતિમ ઉમેદવારોની સરખામણીએ વધારે મેધાવી છે.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, આવી પરિસ્થિતિઓમાં આરક્ષિત બેઠકો (રિઝર્વ સિટ્સ) માટે ઓબીસી ઉમેદવારોની નિયુક્તિ પર વિચાર નહોતો કરી શકાતો. પરિણામ સ્વરૂપ સામાન્ય શ્રેણીમાં તેમની નિયુક્તિઓ પર વિચાર કર્યા બાદ આરક્ષિત બેઠકોને યોગ્યતાના આધાર પર અન્ય શેષ આરક્ષિત શ્રેણીના ઉમેદવારોથી ભરવામાં આવે તે આવશ્યક છે.

ન્યાયમૂર્તિ એમ.આર. શાહ અને ન્યાયમૂર્તિ બી.વી. નાગરત્નાની પીઠે ૧૯૯૨ના ઈન્દ્રા સાહની વર્સીઝ ભારત સંઘ સહિત સર્વોચ્ચ અદાલતના વિભિન્ન નિર્ણયો પર ધ્યાન આપ્યું હતું. પીઠે નિર્ણયો પર વિશ્વાસ રાખીને આરક્ષિત શ્રેણીના એક ઉમેદવાર તરફથી રજૂ કરવામાં આવેલા વરિષ્ઠ વકીલ રાજીવ ધવનની એ દલીલ સ્વીકારી હતી કે, આરક્ષિત શ્રેણીના ઉમેદવારોને સામાન્ય શ્રેણીના ઉમેદવારોની યાદીમાં અંતિમ ઉમેદવાર કરતા વધારે અંક પ્રાપ્ત કરવા પર સામાન્ય શ્રેણીના ક્વોટા અંતર્ગત સમાયોજિત કરવા જોઈએ. તેમના કહેવા પ્રમાણે આવા ઉમેદવારોની સામાન્ય શ્રેણી અંતર્ગત વિચારણા કરવામાં આવે તે જરૂરી છે.

# ઉત્તર પ્રદેશમાં રસ્તાઓ પર નમાઝ પઢવા પર પ્રતિબંધ

## દેશમાં ધાર્મિક સ્થળો પર લાઉડસ્પિકરનો મુદ્દો ગરમાયો : અલવિદા જુમેની નમાઝ ક્યાંય રસ્તા પર નહીં કરી શકાય લોકોને પોતાના ઘરોમાં કે મસ્જિદમાં નમાઝ કરવા અપીલ

લખનૌ, તા.૨૯

દેશભરમાં લાઉડસ્પીકરનો મુદ્દો ગરમાયો છે ત્યારે ઉત્તરપ્રદેશની યોગી સરકારે વધુ એક નિર્ણય લઈને રસ્તાઓ પર નમાઝ કરવાનો ઈનકાર ફરમાવ્યો છે. આ અંગે ધર્મગુરુઓએ ગાઈડલાઈન પણ જાહેર કરી છે કે જેમાં કેટલાક મુદ્દાઓ અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે.

ઈદ પહેલાના શુક્રવાર એટલે કે આજે અલવિદા જુમાની નમાઝ કરવામાં આવશે. ધર્મગુરુઓએ તેને લઈને ગાઈડલાઈન જારી કરી છે. આ પ્રમાણે અલવિદા જુમેની નમાઝ ક્યાંય રસ્તા પર નહીં કરી શકાય. લોકોને પોતાના ઘરોમાં કે મસ્જિદમાં જ નમાઝ કરવા માટે અપીલ કરવામાં આવી છે. આ સિવાય મસ્જિદમાં લાઉડસ્પીકર નક્કી કરેલા માપદંડ પ્રમાણે રાખવાની સલાહ આપવામાં આવી છે. આવું પહેલીવાર થઈ રહ્યું છે કે જ્યારે મુસ્લિમ ધર્મગુરુઓ સામેથી આવીને લોકોને રસ્તા પર નમાઝ ના કરવા માટે અપીલ કરી રહ્યા છે. આ પહેલા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આદેશ આપી ચૂક્યા છે કે રસ્તા પર અલવિદા નમાઝ અને ઈદની નમાઝ કરવામાં ના આવે.

એશબાદ ઈદગાહના ઈમામ મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહલીએ જણાવ્યું કે ઈસ્લામિક સેન્ટર ઓફ ઈન્ડિયાએ એક નવી એડવાઈઝરી જારી કરી છે.જેમાં નમાઝ કરનારાઓને મસ્જિદની અંદર જ નમાઝ અદા કરવા માટે અપીલ કરવામાં આવી છે. જેથી નામાઝના કારણે ટ્રાફિક જામ જેવી સ્થિતિ ઉભી ના થાય. ફિરંગી મહલીએ લોકોને અપીલ કરી છે કે મસ્જિદોમાં લાઉડસ્પીકરનો અવાજ પણ ઓછો રાખવામાં આવે.

આ તરફ મસ્જિદ દારુલ અલૂમ ફિરંગી મહલના મૌલાના સુફિયાન નિઝામનું કહેવું છે કે લોકો નમાઝ મસ્જિદ પરિસરની અંદર કરે નહીં કે રસ્તા પર. લાઉડસ્પીકર્સનો અવાજ માપદંડ પ્રમાણે રાખવામાં આવે. બીજી તરફ, એડીજી (સુરક્ષા અને કાયદો વ્યવસ્થા) પ્રશાંત કુમારનું કહેવું છે કે શાંતિ અને સૌહાર્દ રાખવા માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. પીએમ યોગી આદિત્યનાથે પાછલા અઠવાડિયે જ જુમાની નમાઝને લઈને નિર્દેશ જારી કર્યા હતા, જેને લઈને આખા રાજ્યમાં સુરક્ષાને લઈને કડક નજર રાખવામાં આવી રહી છે.

# અયોધ્યામાં માહોલ બગાડવાના ષડયંત્રમાં ૭ આરોપી ઝડપાયા

## CCTVના આધારે ૭ આરોપી પકડાયા : દેશમાં માંડ માહોલ શાંત પડ્યો છે ત્યાં ફરીથી ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ધાર્મિક માહોલ બગાડવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે

અયોધ્યા, તા.૨૯

દેશમાં માંડ માહોલ શાંત પડ્યો છે ત્યાં ફરીથી ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ધાર્મિક માહોલ બગાડવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. પોલીસે આ મામલે સીસીટીવી ફૂટેજના આધારે ષડયંત્ર રચવાના આરોપસર સાત લોકોની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી મહેશ મિશ્રા હિન્દુ યોદ્ધા સંગઠનનો પ્રમુખ છે. ઘટનામાં સામેલ ચાર લોકોની હજુ શોધ ચાલુ છે. મળતી માહિતી મુજબ અયોધ્યામાં મસ્જિદોના દરવાજા પર અને એક મજાર પાસે આપત્તિજનક ચીજો ફેંકીને શહેરનો સાંપ્રદાયિક સોહાર્દ બગાડવાની કોશિશ કરાઈ. પોલીસે આ જાણકારી આપી. પોલીસે જણાવ્યું કે કેટલાક અસામાજિક તત્વો એક ધાર્મિક ગ્રંથના ફાટેલા પાના, ગાળાગાળીના પત્ર અને કથિત રીતે સુઅરના માંસના ટુકડાં જેવી કેટલીક આપત્તિજનક વસ્તુઓ ફેંકીને સાંપ્રદાયિક માહોલ ખરાબ કરવાની કોશિશ કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે હિન્દુ યોદ્ધા સંગઠન સમૂહના સાત સભ્યોની આ મામલે ધરપકડ કરાઈ છે. સમૂહના નેતા મહેશ મિશ્રા એક જૂનો હિસ્ટ્રીશિટર છે. જેના વિરુદ્ધ શહેરના એક પોલીસ સ્ટેશનમાં ચાર અપરાધિક કેસ દાખલ છે. પોલીસે જે લોકોની ધરપકડ કરી છે તેમાં પ્રત્યૂષ કુમાર, નીતિનકુમાર, દીપક ગૌડ, બ્રજેશ પાંડે, શત્રુઘ્ન, અને વિમલ પાંડે સામેલ છે. જે કોટવાલી પોલીસ મથક હદના રહીશ છે. પોલીસે આ ઘટના બદલ ૪ અજાણ્યા લોકો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી છે.

# મધ્યપ્રદેશમાં કેબની જેમ એમ્બ્યુલન્સ બુક કરી શકાશે

## મધ્યપ્રદેશ સરકારની લોકોને વધુ એક ભેટ : રાજ્યમાં મુખ્યમંત્રી સંજીવની ક્લિનિક ખોલવામાં આવશે

ભોપાલ, તા.૨૯

મધ્યપ્રદેશના સીએમ શિવરાજ સિંહ ચૌહાણે આજે રાજ્યની જનતાને મોટી ભેટ આપી છે.

આ દરમિયાન તેમણે ૨ હજારથી વધુ એડવાન્સ લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સ, બેઝિક સપોર્ટ એમ્બ્યુલન્સ, જનની એક્સપ્રેસની શરુઆત કરી હતી. આ તમામ એમ્બ્યુલન્સને આજે લોન્ચ કરવામાં આવેલી સંજીવની એપ સાથે કનેક્ટ કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન સીએમ શિવરાજે જાહેરાત કરી હતી કે, રાજ્યમાં પ્રત્યેક ૨૫ હજારની વસ્તી માટે મુખ્યમંત્રી સંજીવની ક્લિનિક ખોલવામાં આવશે. આ માત્ર એમ્બ્યુલન્સ શરૂ કરવાનો કાર્યક્રમ નથી. બીમાર પડેલા ભાઈ-બહેનોના જીવ બચાવવાનું અભિયાન ચાલી રહ્યું છે. જો રોગની સમયસર સારવાર કરવામાં આવે તો જીવન બચાવી શકાય છે. અત્યાધુનિક તબીબી સુવિધાઓથી સજ્જ, આ સંજીવની ૧૦૮ ખરેખર સંજીવની જડીબુટ્ટી તરીકે કામ કરે છે. સંજીવની એપ દ્વારા ૨ કરોડ ૮૨ લાખ આયુષ્માન કાર્ડ ધારક પરિવારો આ યોજનાનો લાભ લઈ શકશે.



સરકારી હોસ્પિટલો ઉપરાંત ખાનગી હોસ્પિટલોના દર્દીઓ પણ એમ્બ્યુલન્સ બુક કરાવી શકશે. હવે સંજીવની એપ દ્વારા એમ્બ્યુલન્સને કેબની જેમ બુક કરાવી શકાશે.

આટલુ જ નહી, સંજીવની એપ દ્વારા દર્દીઓ હોસ્પિટલની પસંદગી કરીને એમ્બ્યુલન્સ બુક કરાવી શકશે અને તેમને રીયલ ટાઈમ લોકેશન મળતું રહેશે. આ એમ્બ્યુલન્સ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે.

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩,૩૭૭ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૨૯

દેશમાં કોરોનાના કેસ દિવસેને દિવસે વેગ પકડી રહ્યા છે. ઝડપથી વધી રહેલા કેસોને જોઈને વહીવટીતંત્ર અને લોકો ચિંતામાં આવી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩,૩૭૭ નવા કેસ નોંધાયા છે, જ્યારે આ સમયગાળા દરમિયાન ૬૬ લોકોના મોત થયા છે. કોરોનાના આ નવા કેસ નોંધાયા બાદ હવે આંકડો ૪ કરોડ ૩૦ લાખ ૭૨ હજાર ૧૭૬ પર પહોંચી ગયો છે. આ સાથે દેશભરમાં આ મહામારીથી મૃત્યુઆંક વધીને ૫ લાખ ૨૩ હજાર ૭૫૩ થઈ ગયો છે. દેશમાં એક્ટિવ કેસોની સંખ્યા પર નજર કરીએ તો હાલમાં ૧૭ હજાર ૮૦૧ દર્દીઓ સક્રિય છે. તે જ રીતે, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૫ લાખ ૩૦ હજાર ૬૨૨ લોકો આ રોગચાળામાંથી સાજા થયા છે. ઉત્તર પ્રદેશમાં કોરોનાના કેસ દરરોજ ફરી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં કોરોનાના ૨૫૮ નવા કેસ નોંધાયા છે. આ સતત બીજો દિવસ છે જ્યારે રાજ્યમાં કોરોનાના ૨૫૦ થી વધુ કેસ નોંધાયા છે. ગુરુવારે પણ રાજ્યમાં કોરોનાના ૨૬૧ કેસ નોંધાયા હતા. જો કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં કોરોનાને કારણે એકનું મોત થયું છે. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ગયા વર્ષે, ૪ મેના રોજ, સંક્રમિતોની સંખ્યા ૨૦ મિલિયનને વટાવી ગઈ હતી

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.